પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૮ | ૨૦ નવેમ્બર, ૨૦૨૧, શનિવાર; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અન્નદાતાનો વિજય : કૃષિ કાયદા પાછા ખેંચાયા

**ત્રણેય કૃષિ કાયદાને પાછા ખેંચવાની મોદીએ જાહેરાત કરી : નરેન્દ્ર મોદી આજે સવારે ૯ વાગે રાષ્ટ્રને સંબોધન કર્યું : મોદીએ વધુમાં કહ્યું હતું કે અમે ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપી છે, અમે જે કૃષિ કાયદાની વર્ષોથી માગ હતી તેને જ દેશના હિત માટે લઈ આવ્યા હતા : ખેડુતો પોતાના પરિવાર પાસે પરત ફરો અને નવી શરૂઆત કરો : વડાપ્રધાન**

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે દેશને સંબોધન કરતાં ખૂબ મોટી જાહેરાત કરી હતી. મોદીએ સંબોધનની શરૂઆત કરાતા દેશવાસીઓને દેવદિવાળી અને ગુરુનાનક જયંતીની શુભેચ્છા પાઠવી છે. ત્યાર બાદ પીએમ મોદીએ ગુરુ નાનકજીના ઉપદેશની વાત કરતાં જણાવ્યુ હતું કે મેં ખેડૂતોના પડકારોને જીણવટતાપૂર્વક જોયા છે. નાના ખેડૂતોના પડકારોને દૂર કરવા માટે





સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે અમે ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપી છે. અમે જે કૃષિ કાયદાની વર્ષોથી માગ હતી તેને જ દેશના હિત માટે લઈ આવ્યા હતા. ઘણા ખેડૂતો અને કૃષિ સંગઠનોએ તેને આવકાર્યા હતો પરંતુ કેટલાક ખેડૂતોના આ કાયદાના ફાયદાઓ અમે સમજાવી શક્યા નથી. જોકે હવે અમે ત્રણેય કૃષિ કાયદાને પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે. અને આ સાથે પીએમ મોદીએ હાથ જોડીને આંદોલનરત ખેડૂતોને અપીલ કરી હતી કે તમે તમારા ઘરે અને ખેતરમાં પાછા ફરો, પરિવાર વચ્ચે પરત ફરો અને એક નવી શરુઆત કરો. આ સાથે તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે ખેતી અને દેશના ખેડૂતોની સ્થિતિને સુધારવા માટે ત્રણ કાયદા લાવવામાં આવ્યા. જેથી નાના ખેડૂતોને વધુ સશક્ત કરવા માગતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## કૃષિ કાયદો હટાવ્યા બાદ સોશિયલ મીડિયામાં રિએક્શન

નવી દિલ્હી , તા.૧૯

જોકે કેટલાક લોકો ત્રણેય કૃષિ કાયદા પાછા ખેંચાયા તેનો વિરોધ પણ કરી રહ્યા છે. એક ટ્વિટર યુઝરે લખ્યું હતું કે, 'આ ખૂબ દુખદ છે કે, કેટલાક માથા ફરેલાઓની ચઢામણીમાં આવીને તમે નવા કૃષિ કાયદા રદ્દ કરી દીધા છે. આ કૃષિ કાયદાઓનું મહત્વ નોકરી માટે અન્ય શહેરોમાં વસેલા લોકોને ખબર હતી જેઓ ખેતી માટે સમયસર ઘરે નહોતા આવી શકતા.' અન્ય એક ટ્વિટર યુઝરે લખ્યું હતું કે, 'આ બિલકુલ ખોટું થઈ રહ્યું છે, આ બિલ સાથે લાખો ખેડૂતોની આકાંક્ષાઓ સંકળાયેલી છે અને કેટલાક વચેટિયાઓના દબાણમાં આવીને કૃષિ કાયદા પાછા લેવામાં આવે તે યોગ્ય નથી, અને જે લોકો એમએસપીની ગેરન્ટી માગી રહ્યા છે તેઓ છેલ્લા ૭૫ વર્ષથી ક્યાં હતા?'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાત બાદ સોશિયલ મીડિયામાં રિએક્શનનું ઘોડાપૂર સર્જાયું છે. કેટલાક લોકો આ નિર્ણયને ચૂંટણી સાથે સાંકળીને જોઈ રહ્યા છે તો કેટલાક લોકો તેને માસ્ટરસ્ટ્રોક ગણાવી રહ્યા છે.

## મોદી પર વિશ્વાસ નહીં, ખેડૂતો હમણાં આંદોલન પાછું નહીં ખેંચે : રાકેશ ટિકૈત

નવી દિલ્હી, તા.૧૯

પીએમ મોદીએ શુક્રવારે જાહેર કર્યું હતું કે કેન્દ્ર સરકારે ત્રણેય કૃષિ કાયદાને પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે અને તેને આગામી સંસદીય સત્રમાં પરત ખેંચવાની કાર્યવાહી કરવામાં આવશે. આ કૃષિ કાયદાને લઈને કેટલાક ખેડૂત સંગઠનો અને ખેડૂતો છેલ્લા એકથી વધુ વર્ષથી આંદોલન કરી રહ્યા છે. તેમજ વિપક્ષમાં કૃષિ કાયદાને લઈને છેલ્લા એક વર્ષથી સરકારને નિશાન બનાવી રહ્યો છે. ત્યારે હવે જ્યારે સરકારે આ કાયદાને પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે તો સરકારના આ નિર્ણય બાબતે કોણે શું કહ્યું આવો જોઈએ.

આ અંગે ખેડૂત આંદોલનનો ચહેરો બનેલા રાકેશ ટિકેતે કહ્યું કે, આંદોલન તાત્કાલિક પાછું ખેંચવામાં આવશે નહીં, અમે તે દિવસની રાહ જોઈશું જ્યારે સંસદમાં કૃષિ કાયદાઓ રદ કરવામાં આવશે. એમએસપીની સાથે સરકારે ખેડૂતોના અન્ય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવી જોઈએ.' તેમણે કહ્યું કે 'મને મોદી પર વિશ્વાસ નથી. ટિકૈતે કહ્યું કે પીએમએ ૧૫ લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી હતી, પરંતુ આજ સુધીમાં કેટલાને ૧૫ લાખ રૂપિયા મળ્યા? સરકારના નિર્ણય અંગે કોંગ્રેસ દ્વારા પ્રતિક્રિયા આપતાં ટ્વિટ કરવામાં આવ્યું કે મારા દેશના ખેડૂતો જીત્યા છે અને અભિમાન તૂટી ગયું છે.

જ્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને આંદોલનકારી ખેડૂતોને શુભેચ્છા આપી હતી અને કહ્યું હતું કે અન્યાય સામે આ ન્યાયની જીત છે. તેમણે લખ્યું કે દેશના અન્નદાતાઓના સત્યાગ્રહે અભિમાનનું મસ્તક ઝુકાવી દીધું છે.

સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ) ૪૦ ખેડૂત યુનિયનોની એક છત્ર સંસ્થા છે જેણે શુક્રવારે પીએમ મોદીની ત્રણ કૃષિ કાયદાઓ રદ કરવાની જાહેરાતને આવકારતા કહ્યું કે સંયુક્ત કિસાન મોરચા આ નિર્ણયને આવકારે છે અને યોગ્ય સંસદીય પ્રક્રિયાઓ દ્વારા અમલમાં આવવાની જાહેરાતની રાહ જોશે.

## ૧૭ મિનિટના ભાષણમાં ૩૭ વખત ખેડૂતોનો ઉલ્લેખ

નવી દિલ્હી, તા.૧૯

પીએમ મોદીએ આજે દેશવાસીઓને સવારે નવ વાગ્યે કરેલા સંબોધનમાં નવા કૃષિ કાયદા પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

જોકે આ દરમિયાન તેમના અવાજમાં લાચારી અને મજબૂરી સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી.પીએમ મોદીએ ૧૭ મિનિટના ભાષણમાં ૩૭ વખત ખેડૂતોનો ઉલ્લેખ કર્યો હતો.

સ્પષ્ટ દેખાતુ હતુ કે, કૃષિ કાયદા પાછા ખેંચવાની જાહેરાત કરવાની સાથે સાથે પીએમ મોદી ખેડૂતોને સરકાર તેમના હિતમાં કામ કરી રહી છે તેવુ સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.તેમણે પોતાના ભાષણમાં ખેડૂતો માટે સરકારે કયા પ્રકારના કામ કર્યા છે તે ગણાવ્યા હતા અને એમ પણ કહ્યુ હતુ કે, સરકાર ખેડૂતો માટે પૂરી તાકાતથી કામ કરતી રહેશે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં એમ પણ કહ્યુ હતુ કે, હું દેશવાસીઓની માફી માંગુ છું અને સાચા દિલથી કહું છું કે, અમારી તપસ્યામાં કોઈ જગ્યાએ ખોટ રહી ગઈ હશે કે અમે ખેડૂતોને આ કાયદાના ફાયદા સમજાવી શક્યા નથી.

## તામિલનાડુમાં વરસાદથી મકાન ધસી પડતાં ૯નાં મોત

**મુખ્યમંત્રીએ કુદરતી હોનારતમાં માર્યા ગયેલાના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી**

નવી દિલ્હી, તા.૧૯

તમિલનાડુના વેલ્લોર જિલ્લામાં ભારે વરસાદના કારણે



એક મકાન ધસી પડવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં ૪ બાળકો સહિત ૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજયના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કુદરતી હોનારતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. તમિલનાડુમાં પહેલી ઓક્ટોબરથી શરૂ થયેલા ઉત્તર-પૂર્વીય ચોમાસાના કારણે અત્યાર સુધીમાં સામાન્ય કરતા ૬૧ ટકા વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તરી તમિલનાડુના જિલ્લાઓ સહિત રાજયના અનેક ક્ષેત્રોમાં વરસાદ ચાલુ છે. આ તરફ બંગાળની ખાડી પર સર્જાયેલું ઓછા દબાણનું ક્ષેત્ર શુક્રવારે સવારે તમિલનાડુ અને આંધ્ર પ્રદેશની વચ્ચેના તટને પાર કરી ગયું હતું. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)ના અહેવાલ પ્રમાણે ઓછા દબાણનું ક્ષેત્ર ચેન્નાઈ અને પુડુચેરીની વચ્ચેના તટને પાર કરી ગયું.

આઈએમડીએ ટ્વિટમાં લખ્યું હતું કે, દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર બનેલું ઓછા દબાણનું ક્ષેત્ર ઉત્તર-પશ્ચિમ તરફ વધી ગયું. ૧૯ નવેમ્બરના રોજ વહેલી સવારે ૩-૪ કલાકે પુડુચેરી અને ચેન્નાઈ વચ્ચે ઉત્તરી તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર પ્રદેશની આસપાસના તટોને પાર કરી ગયું.

## ડિસિપ્લિનરી કમિટિમાંથી ગુલામનબીની હકાલપટ્ટી

**કોંગ્રેસે આ કમિટિની ફરી રચના કરી, કમિટીના અધ્યક્ષ એ કે એન્ટનીને બનાવાયા, તારિક અનવર સચિવ હશે**

નવી દિલ્હી, તા.૧૯

જમ્મુ-કાશ્મીર કોંગ્રેસમાં પણ પંજાબ જેવો જ અસંતોષનો ચરુ ઉકળી રહ્યો છે. તાજેતરમાં કોંગ્રેસના સિનિયર નેતા ગુલામ નબી આઝાદના ૨૦ જેટલા સમર્થક નેતાઓએ રાજ્યમાં નેતૃત્વ પરિવર્તની માંગ સાથે પાર્ટીમાથી રાજીનામા ધરી દીધા છે.એ પછી હવે કોંગ્રેસ ડિસિપ્લિનરી કમિટીમાંથી આઝાદને બહાર કરી દીધા છે.



કોંગ્રેસે આ કમિટિની ફરી રચના કરી છે અને હવે આ કમિટીના અધ્યક્ષ એ કે એન્ટનીને બનાવાયા છે.જ્યારે તારિક અનવર સચિવ હશે.કમિટિમાં અંબિકા સોની, દિલ્હીના નેતા જય પ્રકાશ અગ્રવાલ તેમજ કર્ણાટક નેતા જી પરમેશ્વરને સભ્ય તરીકે સ્થાન અપાયુ છે. ગુલામ નબી આઝાદ કોંગ્રેસના જી-૨૩ તરીકે ઓળખાતા ગ્રુપના મનાય છે અને ગુલામ નબીએ સપ્ટેમ્બર મહિનામાં પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો કે, પાર્ટીના મામલા પર ચર્ચા માટે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બોલાવવામાં આવે.

જોકે આઝાદ સમર્થકોએ હવે કોંગ્રેસ સામે જમ્મુ કાશ્મીરમાં નવો મોરચો ખોલ્યો છે.જેના કારણે પંજાબની જેમ અહીંયા પણ રાજ્ય કક્ષાએ આંતરિક ઘમાસાણ શરુ થયુ છે.

## ભારે વરસાદથી તિરૂપતિ મંદિરમાં શ્રદ્ધાળુ ફસાયા

**બંગાળના ખાડીમાં ભારે દબાણ સર્જાતા હવામાન પલટાયું : તિરુમાલાના મુખ્ય મંદિરને અડીને આવેલી ચાર માડા સ્ટ્રીટ્સ, વૈકુંઠમ કતાર સંકુલ વરસાદને કારણે ડૂબી ગયા**

હૈદ્રાબાદ, તા.૧૯

બંગાળની ખાડીમાં ભારે દબાણ સર્જાયા બાદ સર્જાયેલી હવામાન પરિસ્થિતિઓમાં ગુરુવારે આંધ્રપ્રદેશના ચિત્તૂર અને તેની આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદ થયો હતો. આનાથી ભગવાન વેંકટેશ્વરના નિવાસ સ્થાન તિરુમાલામાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. તિરુપતિ મંદિરમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણીના જોરદાર પ્રવાહને કારણે સેંકડો શ્રદ્ધાળુઓ ફસાયેલા જોવા મળ્યા હતા. જોકે, તેમને ત્યાંથી બચાવીને બહાર કાઢવામાં આવ્યા હતા. તિરુમાલા ટેકરીઓ પરના મુખ્ય મંદિરને અડીને આવેલી ચાર 'માડા સ્ટ્રીટ્સ' અને વૈકુંઠમ કતાર સંકુલ (ભોંયરું) વરસાદને કારણે ડૂબી ગયા હતા. પૂરની સ્થિતિને કારણે યાત્રાળુઓ બહાર નીકળી



શક્યા ન હતા, તેથી ગુરુવારે ભગવાન વેંકટેશ્વરના દર્શન પણ અટકાવવા પડ્યા હતા.

ભારે વરસાદના કારણે તિરુમાલા ખાતે આવેલ જપલી અંજનેય સ્વામી મંદિર પાણીમાં ડૂબી ગયું હતું અને દેવતાની મૂર્તિ પણ ડૂબી ગઈ હતી. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) સત્તાવાળાઓએ પવિત્ર ટેકરીઓ પર ફસાયેલા યાત્રાળુઓ માટે મફત ભોજન અને રહેવાની વ્યવસ્થા કરી છે.

## વેક્સિનના ત્રીજા ડોઝની તૈયારી

**તંદુરસ્ત લોકો માટે બૂસ્ટર ડોઝ પછીથી શરૂ કરી શકાય : ત્રીજા વેક્સિન ડોઝની માત્રા શરૂઆતમાં બૂસ્ટર ડોઝને બદલે વધારાના ડોઝ તરીકે કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧૯

ભારત ટૂંક સમયમાં કોરોના વેક્સીનના ત્રીજા ડોઝ માટે નીતિ તૈયાર કરી શકે છે. આ મુદ્દે વાતચીતને લઈને આવતા અઠવાડિયે એક મોટી બેઠક યોજાવાની છે. આ મામલાની જાણકારી આપનારા એક ટોચના અધિકારીએ માહિતી આપી છે. હકીકતમાં, દેશમાં કોરોના રસીના ત્રીજા ડોઝને લઈને એક એક્સપર્ટ ગ્રુપ નીતિ તૈયાર કરવા પર કામ કરી રહ્યું છે. ત્રીજા વેક્સીન ડોઝની માત્રા શરૂઆતમાં બૂસ્ટર ડોઝને બદલે વધારાના ડોઝ તરીકે કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે તેમને વધારાનો ડોઝ આપવામાં આવે છે, જ્યારે બૂસ્ટર ડોઝ તંદુરસ્ત લોકોને રસીના બીજા ડોઝના થોડા મહિના પછી આપવામાં આવે છે. જે લોકો કોઈપણ બીમારીને કારણે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવે છે તેઓ સામાન્ય બે ડોઝ પ્રોગ્રામ દ્વારા સંપૂર્ણપણે સુરક્ષિત નથી. તેથી આવા લોકોને વધારાનો ડોઝ આપવાની તૈયારી છે. તંદુરસ્ત લોકો માટે બૂસ્ટર ડોઝ પછીથી શરૂ કરી શકાય છે. ગયા ઓક્ટોબરમાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની એક પેનલે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે વધારાના ડોઝની ભલામણ કરી હતી. તમને જણાવી દઈએ કે દેશમાં પહેલીવાર કોરોના વેક્સીનના બે ડોઝ લેનારા લોકોની સંખ્યા એક ડોઝ લેનારની સંખ્યાને વટાવી ગઈ છે. હાલમાં, દેશમાં ૩૮ કરોડ લોકોનું સંપૂર્ણ રસીકરણ થઈ ચૂક્યું છે એટલે કે તેમને રસીના બંને ડોઝ મળી ચૂક્યા છે. તો અત્યાર સુધીમાં ૩૭.૫ કરોડ લોકોએ એક ડોઝ લીધો છે.




દેશમાં અત્યાર સુધીમાં ૧૧૫ કરોડથી વધુ કોરોના વેક્સીન ડોઝ આપવામાં આવ્યા છે, જેમાંથી ૭૫,૫૭,૨૪,૦૮૧ પ્રથમ ડોઝ અને ૩૮,૧૧,૫૫,૬૦૪ બીજા ડોઝ આપવામાં આવ્યા છે. કોરોનાના બૂસ્ટર ડોઝને લઈને હજુ પણ ડોક્ટરો અને વૈજ્ઞાનિકો વચ્ચે મતભેદ જોવા મળે છે. શું ભારતમાં હવે બૂસ્ટર ડોઝ આપી શકાય છે.

## ચીને સમાધાનનું ઉલ્લંઘન કરી નવી હરકત કરી છે : જયશંકર

**ચીનના નેતાઓએ નક્કી કરવું પડશે કે તેઓ બંને દેશના સબંધોને કઈ દિશામાં લઈ જવા માગે છે વિદેશમંત્રી**

નવી દિલ્હી, તા.૧૯

ભારત અને ચીન વચ્ચે સરહદ પર ચાલી રહેલા તનાવ વચ્ચે ભારતના વિદેશ મંત્રી જયશંકરે ચીન સામે ભારે આક્રમક વલણ અપનાવ્યુ છે.

તેમણે કબૂલ્યુ હતુ કે, ભારત અને ચીનના સબંધો બહુ જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે.કારણકે ચીને સમાધાનનુ ઉલ્લંઘન કરીને એવી હરકતો કરી છે કે જેનુ સ્પષ્ટીકરણ તે આપી શકે તેવી સ્થિતિમાં નથી.ચીનના નેતાઓએ નક્કી કરવુ પડશે કે તેઓ બંને દેશ વચ્ચેના સબંધોને કઈ દિશામાં લઈ જવા માંગે છે.

એક સેમિનારમાં જયશંકરે કહ્યુ હતુ કે, ચીનને પણ ખબર છે કે ભારત સાથેના સબંધો અત્યારે કયા વળંકા પર ઉભા છે અને તેમાં શું ગરબડ છે.હું બહુ સ્પષ્ટ વાત કરુ છું અને મેં મારા કાઉન્ટરપાર્ટ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે પણ જ્યારે પણ મુલાકાત કરી છે ત્યારે સ્પષ્ટ વાત કરી છે. જયશંકરે કહ્યુ હતુ કે, બંને દેશના સબંધો બહુ જ ખરાબ તબક્કામાં છે કારણકે ચીને સમજુતિ કરારનો ભંગ કરીને એવા પગલા ભર્યા છે તેનો



સંતોષકારક ખુલાસો આપી શકે તેમ નથી. અમેરિકા અંગે તેમણે કહ્યુ હતુ કે, અમેરિકા વ્યૂહાત્મક રીતે સંકોચાઈ રહ્યુ હોવાની વાત હાસ્યાસ્પદ છે.અમેરિકા આજે ભારત દ્વારા રજૂ થતા વિચારો, સૂચનો અને કાર્ય પ્રણાલીનુ પહેલા કરતા વધારે સારી રીતે સ્વાગત કરી રહ્યુ છે.અમેરિકા પહેલા કરતા વધારે ફ્લેકિસબલ થયુ છે તેનો મતલબ એ નથી કે તે નબળુ પડ્યુ છે.